આંક–૦૯

રજુ તારીખ	૧૫	૦૪	૨૦૧૧
દાખલ તારીખ	૧૫	૦૪	૨૦૧૧
ફેંસલ તારીખ	૩૦	૦૫	૨૦૨૨
અવધિ	વર્ષ	માસ	દિવસ
	૧૧	૦૧	૧૫

મે. મજુર અદાલત, અમદાવાદ ના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ.

રેફરન્સ (ટી) નં. : ૧૭૯/૨૦૧૧

પ્રથમ પક્ષકાર : **ઉત્તર ગુજરાત વિજ કં.લી. (ડી ડીવીઝન શાખા)**
ઠે.મુ.પો.દેત્રોજ, તા.દેત્રોજ, જી. અમદાવાદ.

: વિ રૂ ધ્ધ :

બીજા પક્ષકાર : **કૈલાશબેન બંસીલાલ નાયક,**
રહે. મુ.પો.તા.દેત્રોજ, જી.અમદાવાદ.
૮/૦, અખિલ ગુજરાત જનરલ મઝદૂર સંઘ,
બીજો માળ, અરબ ચેમ્બર્સ, પેટ્રોલપંપની સામે,
પથ્થરકુવા,રીલીફરોડ,અમદાવાદ.

પ્રથમ પક્ષકાર તરફે : શ્રી એસ.સી.નાયડુ
બીજા પક્ષકાર તરફે : શ્રી વી..કે.કાઝી

–:: એ વો ર્ડ ::–

૧. હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારોને અનુક્રમે ''સામાવાળા'' અને ''અરજદાર'' તરીકે સંબોધવામાં આવેલા છે.

૨. આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ તે સંદર્ભેનો ઔદ્યોગિક વિવાદ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ ક્રમાંક:

આઈડીઆર નં.વુ.૬/૧૧ થી ઉત્પન્ન કરેલ હતો. તે કન્સીલેશન કાર્યવાહીમાં સમાધાન નહી થતા સદરહુ રેફરન્સ અરજદારને ઔધોગિક વિવાદની સુધારેલી જોગવાઈ અનુસાર સીધી મજૂર અદાલતમાં અરજી કરવાનું જણાવતા અરજદારે હાલની આ અરજી અત્રેની મજૂર અદાલત સમક્ષ રજૂ કરેલ છે.

૩. આ કામમાં અરજદારે આંક-૧ થી માંગણાનું નિવેદન રજુ કરેલ, જેની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર ઉપરોકત સામાવાળા સંસ્થામાં છેલ્લા-૧૦ વર્ષથી સફાઈ કામદાર તરીકે વફાદારીપુર્વક અને ખંતિત રીતે ફરજો બજાવતા હતા. અરજદારે નોકરી દરમ્યાન કોઈપણ જાતનો ગુનો કે ગેરવર્તણૂક કરેલ નથી અને નોકરી દરમ્યાન કામ બાબતે કોઈ નોટીસ, મેમો, ચાર્જશીટ, ઠપકો વગેરે આપવાનો મોકો આપેલ નથી અને નોકરીનો સમગ્ર રેકોર્ડ સ્વચ્છ અને ડાઘ રહીતનો હતો. અરજદારે નોકરીના તમામ વર્ષોમાં તથા છુટા કર્ય અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંત ફરજો બજાવેલ હતી. વધુમાં અરજદારની કામગીરીમાં સાફ સફાઈ કરવી, ઝાડું પોતુ કરવુ, ચ્હા-પાણી સંસ્થાના અધિકારીઓને આપવા, પાણી પીવડાવવું, કાગળો એક જગ્યાએ થી બીજી જગ્યાએ જરૂરીયાત પ્રમાણે આપવા વગેરે કામગીરી કરવાની રહેતી હતી. નોકરીમાં જયારે દાખલ થયેલ હતા ત્યારે કોઈ ઓળખપત્ર, નિમણૂકપત્ર આપેલ ન હતો અને આ સિવાય હાજરીકાર્ડ, પગાર સ્લીપ, હકકરજા, રજાના કાર્ડ, ઓવર ટાઈમનો ડબલ પગાર, કાયદા મુજબ બોનસ, પી.એફ., ઈ.એસ.આઈ. વગેરે લાભો આપવામાં આવતા ન હતા. વધુમાં સામાવાળા સંસ્થા એક માળથી બંધાયેલ સંસ્થા છે અને ગુજરાત સરકારની ગ્રાન્ટ આવતાં આ કામના સામાવાળા ઘ્વારા બીજો માળ ખેંચવાનુ નકકી કરેલ હતી અને જે પુર્ણ પણ થયેલ હતુ અને જેથી અરજદારે ઉપરના માળે (ફલોર) પણ સફાઈની કામગીરી કરવાની ઉપસ્થિત થયેલ હતી. અરજદારને માસિક રૂા.૫૦૦/- પગાર ચુકવવામાં આવતો હતો અને જે અરજદારને આટલી મોંઘવારીમાં પોષાય તેમ ન હતુ. આમ, શ્રમબોજ વધતાં અરજદાર ઘ્વારા અગાઉ પગાર વધારાની માંગણી

સામાવાળા સંસ્થા સમક્ષ કરેલ હતી. જેથી તેઓએ અરજદારને મૌખિક હુકમથી તા.૭/૭/૦૮ ના રોજથી નોકરીમાંથી છુટા કરેલ હતા. આમ, અરજદાર કામદારને મૌખિક હુકમથી છુટા કર્યા બાદ મે. મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદ સમક્ષ પુન:સ્થાપનાની ફરીયાદ લખાવેલ હતી. ઉપરોકત ફરીયાદમાં સામાવાળા ધ્વારા કોઈ હાજર ન રહેતા સમાધાન અધિકારી ધ્વારા મે. મજુર અદાલત, અમદાવાદને સુપ્રત કરેલ હતો અને ત્યારબાદ આ કામના સામાવાળા ધ્વારા અરજદારને કામે રાખવાની તૈયારી દર્શાવતાં તા.૧૭/૨/૦૯ના રોજ કામ ઉપર ફરીથી હાજર થયેલ હતા. ત્યારથી અરજદાર સતત અને એકધારી તેઓની ફરજો બજાવતા હતા પરંતુ અગાઉની જેમ જ પગાર ચુકવવામાં આવતો હતો અને કામ વધુ હોવાથી પગાર વધારો કરેલ ન હતો અને આમ છતાં અરજદાર ફરજો બજાવતા હતા. વધુમાં અરજદાર ધ્વારા અગાઉ મે. મદદનીશ શ્રમ આયુકત સાહેબ સમક્ષ પુન:સ્થાપિત થવાની ફરીયાદ લખાવેલ અને જેમાં સમાધાનની કાર્યવાહી નિષ્ફળ જતાં અને ફકત પડેલા દિવસોના પગાર પુરતો કેસ મે. મજુર અદાલત, અમદાવાદ સમક્ષ આવેલ હતો અને જે કેસ રેફરન્સ (એલ.સી.એ) નં.૧૯૦/૨૦૦૯ થી રજીસ્ટર થયેલ હતો અને જે કેસ મે. મજુર અદાલતના સ્પે. જજ શ્રી એ.બી. પંચાલ સાહેબ સમક્ષ આવેલ હતો અને જે કેસોની નોટીસ આ કામના સામાવાળાને મળતાં તેઓએ આ કેસ પાછો ખેંચવા અને એકમાત્ર હેરાન-પરેશાન કરવાનુ શરૂ કરેલ હતુ અને કેસ પાછો ખેંચવાની કોઈપણ તૈયારી ન દર્શાવતાં સંસ્થાના જુનીયર એન્જીનીયર શ્રી પી.પી. પટેલ ધ્વારા ફરીથી મૌખિક હુકમથી તા.૩૧/૧/૨૦૧૧ ના રોજથી છુટા કરી દીધેલ. અરજદારને નોકરીમાંથી છુટા કર્યા બાદ પુન:સ્થાપિત થવા બાબતની ડીમાન્ડ નોટીસ મોકલાવી, મે. મદદનીશ શ્રમ આયુકત સાહેબ સમક્ષ પુન:સ્થાપિતની ફરીયાદ પણ લખાવેલ જયાં પણ આ કામના સામાવાળા ધ્વારા કોઈપણ જવાબદાર અધિકારી કે એડવોકેટ હાજર રહેલ ન હતા કે પુન:સ્થાપિત કરવાની પણ કોઈ તસ્દી લીધેલ ન હતી. અરજદારને સામાવાળા સંસ્થાએ છુટા કર્યા બાદ તેઓ

કામ માટે ગયેલ હતા પરંતુ અરજદારને કામે રાખવામાં આવેલ ન હતા. અરજદારને અન્ય જગ્યાએ પણ નોકરી–કામ મેળવવા માટે પ્રયત્નો કરેલ હતા અને જે હાલ પણ જારી જ છે પરંતુ કોઈપણ જગ્યાએ કોઈ કામ કે નોકરી મળેલ નથી અને હાલ અરજદાર બેકાર છે. અરજદાર જે જગ્યા ઉપર કામ કરતા હતા તે કામગીરી હાલ પણ ચાલુ જ છે અને અરજદાર ની જગ્યાએ નવા જુનીયરને કામે રાખવામાં આવેલા છે. અરજદારને સામાવાળા સંસ્થા કામે રાખે તો આજે પણ વિવાદ ઉભો રાખીને કામે જવા માટે તૈયાર છે. વધુમાં અરજદારે માંગણાના નિવેદનના પેરા–૯ મુજબની દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

૪. આ કામના સામાવાળા ધ્વારા આંક–પ થી અરજદારના માંગણાના નિવેદનની હકીકતોનો ઈન્કાર કરીને જણાવેલ છે કે, આ કામના અરજદારને સામાવાળા સંસ્થાના કાયમી કામદાર તરીકે કયારેય નોકરીમાં રાખેલ ન હતા અને અરજદાર તથા સામાવાળા સંસ્થા વચ્ચે કયારેય નોકર માલિકનો સંબંધ પ્રસ્થાપિત થયેલ ન હતો. આમ અરજદાર તે આઈ.ડી.એકટની કલમ–ર(એસ) મુજબ કામદારની વ્યાખ્યામાં આવતા ન હોઈ અરજદારનો આ વિવાદ રદ થવાને પાત્ર છે. સામાવાળા સંસ્થાની વધુમાં રજૂઆત છે કે, આ કામના અરજદારે સામાવાળા સંસ્થાના કડી ડીવીઝનના તાબા હેઠળના દેત્રોજ સબ ડીવીઝનમાં પીવાનુ પાણી ભરવાનુ, કચરો સાફ કરવાનુ અને ઓફિસમાં પોતા મારવાનુ કામ વિગેરે સ્વીપરની કામગીરી સામાવાળાની જરૂરીયાત મુજબ જરૂરીયાત પ્રમાણે કરતા હતા અને સદર પરચુરણ કામગીરી સંબંધીત અરજદારને ઉચ્ચક મહેનતાણાની રકમ આપવામાં આવતી હતી. અરજદારે સામાવાળા સંસ્થામાં એપ્રિલ–ર૦૦૧ થી એપ્રિલ–ર૦૦ર ના વર્ષ દરમ્યાન તથા જુલાઈ–ર૦૦૩ ના માસ દરમ્યાન તથા સપ્ટેમ્બર–ર૦૦૩ થી અને નવેમ્બર–ર૦૦પ થી જુલાઈ–ર૦૦૩ ના માસ દરમ્યાન આવી ઉચ્ચક મજૂરીનુ કામ કરેલ અને તે સમયે તેઓને ઉચ્ચક મજૂરીના નાણા ચુકવી આપવામાં આવેલા છે ત્યારબાદ અરજદારને સંસ્થામાં કામગીરી કરેલ નથી વધુમાં સામાવાળા સંસ્થાની રજૂઆત છે કે, આવા ઉચ્ચક વેતનથી પરચુરણ કામ કરાવવામાં આવતા આવા કામદારો

ના હાજરી પત્રકમાં નામ રાખવામાં આવતાં નથી. તેઓને ઉચ્ચક રકમ કંપનીના કાયમી ઈમ્પ્રેસ્ટ ખાતે ઉધારવામાં આવે છે અને આવા ઈમ્પ્રેસ્ટ સબ ડીવીઝનના નાયબ ઈજનેરને ઓફિસના રોજીંદા પરચુરણ ખર્ચની ચુકવણી પેટે આપવામાં આવે છે આમ, અરજદારની નિમણૂક કંપનીના કાયમી કર્મચારી તે અથવા રોજમદાર કર્મચારીઓ તરીકે કરવામાં આવેલી નથી. ઉપરોકત હકીકત જોતાં અરજદારને નોકરીમાંથી છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ઉપરોકત હકીકતો ધ્યાને લઈ અરજદારનો આ વિવાદ ન્યાયના હિતમાં રદ કરવા નમ્ર અરજ કરેલ છે.

૫. આ કામે અરજદાર તરફેથી નીચે મુજબનો મૌખિક પુરાવા રજૂ કરેલ છે. દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી.

<u>મૌખિક પુરાવા</u>

ક્રમ	વિગત	આંક/નિશાની
૧.	અરજદારનુ જુબાની સ્વરૂપનુ સોગંદનામુ.	૬

૬. આ કામે આંક–૦૭ થી અરજદાર તરફેથી કલોઝીંગ પુરશીશ રજૂ કરેલ છે.આ કામે સામાવાળા તરફથી કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી.આ કામે આંક–૦૮ થી સામાવાળાઓ તરફેથી કલોઝીંગ પુરશીશ રજૂ કરેલ છે. આ કામે બન્ને પક્ષકારોએ રેકર્ડ આધારીત તેઓની મૌખિક દલીલ રજૂ કરેલ છે.

૭. ઉપરોકત ઔદ્યોગીક વિવાદના ન્યાયીક નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

– : : મુ દ્દા ઓ : : –

(૧) શું આ કામના અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે ?

(૨) શું આ કામના અરજદાર તેઓની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) અંશત: હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

-:: કા ર ણો ::-

૯. મુદ્દા નં.(૧) અને (૨) :-

આ કામે મુદ્દા નં.(૧) અને (૨) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ, બીન જરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદ્દાઓ ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબીત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

આ કામમાં અરજદારના માંગણાના નિવેદનની હકીકત જોવામાં આવે તો તેઓ સામાવાળી સંસ્થામાં છેલ્લા ૧૦ વર્ષથી સફાઈ કામદાર તરીકેના હોદ્દા પર માસિક રૂ.૫૦૦/- પગારથી નોકરી કરતા હતા. સામાવાળા સંસ્થા એક માળથી નોંધાયેલી સંસ્થા છે અને ગુજરાત સરકારશ્રીની ગ્રાન્ટમાંથી આવતા આ કામના સામાવાળા ધ્વારા બીજો માળ ખેંચવાનુ નકકી કરેલ હતુ અને જે પણ પૂર્ણ થઈ ગયેલ જેથી તેઓને ઉપરના માળે સફાઈની કામગીરી કરવાની ઉપસ્થિત થયેલ હતી. તેઓને માસિક રૂ.૫૦૦/- પગાર ચુકવવામાં આવતો હતો અને જે આટલી મોંઘવારીમાં પોસાય તેમ ન હતો. આમ, શ્રમબોજ વધતાં તેઓ ધ્વારા અગાઉ પગાર વધારાની માંગણી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફ

કરેલી હતી જેથી તેઓને મૌખિક હુકમથી તા.૭/૭/૨૦૦૮ ના રોજથી નોકરીમાંથી છુટા કરેલ હતા. જેની ફરીયાદ તેઓ મદદનીશ શ્રમઆયુકત, અમદાવાદ સમક્ષ કરેલી હતી અને તે કાર્યવાહી દરમિયાન સામાવાળા સંસ્થા દ્વારા તેઓને કામે રાખવાની તૈયારી દર્શાવવા તેઓ કામ ઉપર ફરીથી હાજર થયેલ હતા. જે મુજબ અરજદારને તા.૧૭/૨/૦૯ ના રોજ તેઓની ફરજ ઉપર હાજર થયેલ ત્યારથી અરજદારે સતત એકધારી તેઓની ફરજો બજાવેલી હતી પરંતુ તેઓને અગાઉની જેમ જ પગાર ચુકવવામાં આવતો હતો અને કામ વધેલ હોવાથી પગાર વધારો કરેલ ન હતો. અરજદારે અગાઉ મદદનીશ શ્રમઆયુકત સમક્ષ પુન:સ્થાપિત થવાની ફરીયાદ લખાવેલ અને જેમાં સમાધાનની કાર્યવાહી નિષ્ફળ જતાં ફકત પડેલા દિવસોના પગાર પૂરતો જ કેસ મજૂર અદાલત,અમદાવાદ સમક્ષ કરેલ હતો અને જે રેફ. કેસ નં.૧૯૦/૨૦૦૯ થી રજીસ્ટર થયેલ હતો. સદરહુ કેસ પાછો ખેંચવા સારૂ સામાવાળા તરફેથી દબાણ કરતાં પરંતુ સદરહુ કેસ અરજદારે પરત ન ખેંચતા સામાવાળા સંસ્થામાં જુનીયર એન્જીનીયરશ્રી પી.પી.પટેલ દ્વારા તેઓને ફરીથી મૌખિક હુકમથી તા.૩૧/૧/૨૦૧૧ ના રોજથી છુટા કરી દીધેલા. અરજદારને સામાવાળા દ્વારા કિન્નાખોરી અને દ્વેષભાવ રાખી અને કેસ પાછો ન ખેંચતા મૌખિક હુકમથી છુટા કરેલ છે પરંતુ તેઓને છુટા કરતા અગાઉ કોઈપણ જાતની નોટીસ, નોટીસ પગાર,બેકારી વળતર કે અન્ય હકકો ચુકવ્યા વગર કે ખાતાકીય તપાસ કર્યા વગર કે બચાવની તક આપ્યા વગર મૌખિક હુકમથી તા.૩૧/૧/૨૦૧૧ ના રોજથી છુટા કરી બેકારીના ખપ્પરમાં હોમી દીધેલાનું કથન કરેલ છે. જયારે આ કામે સામાવાળા દ્વારા તેઓના આંક–૫ ના લેખિત જવાબમાં અરજદાર અને સંસ્થા વચ્ચે કયારેય કામદાર માલિકનો સંબંધ પ્રસ્થાપિત થયેલ ન હતો. અરજદાર આઈ.ડી.એકટની કલમ–૨(એસ) મુજબ કામદારની વ્યાખ્યમાં આવતા ન હોય અરજદારનો આ વિવાદ રદ થવાને પાત્ર છે. આ કામના અરજદાર સામાવાળા સંસ્થાના કડી ડીવીઝનના તાબા હેઠળના દેત્રોજ સબ–ડીવીઝનમાં પીવાનુ પાણી ભરવાનુ, કચરો સાફ કરવાનો અને ઓફીસમાં પોતા મારવાનુ કામ

વગેરે સ્વીપરની કામગીરી સામાવાળાની જરૂરીયાત મુજબ, જરૂરીયાત પ્રમાણે કરતા હતા અને સદર પરચૂરણ કામગીરી સંબંધે અરજદારને ઉચ્ચક મહેનતાણાની રકમ આપવામાં આવતી હતી. અરજદારે સામાવાળા સંસ્થામાં એપ્રિલ–૨૦૦૧ થી એપ્રિલ–૨૦૦૨ ના વર્ષ દરમિયાન તથા જુલાઈ–૨૦૦૩ ના માસ દરમિયાન તથા સપ્ટેમ્બર, ૨૦૦૩ થી ડીસેમ્બર,૨૦૦૪ સુધી તથા ફેબ્રૂઆરી–૨૦૦૫ થી ઓકટોમ્બર–૨૦૦૫ સુધી નવેમ્બર –૨૦૦૫ થી જુલાઈ–૨૦૦૬ ના સમય દરમિયાન ઉચ્ચક મજૂરીનુ કામ કરેલ અને તે સમયે તેઓને ઉચ્ચક મજૂરીના નાણા ચુકવી આપવામાં આવેલ. ત્યારબાદ અરજદારે સંસ્થામાં કામગીરી કરેલ નથી. અરજદારની નિમણૂક કંપનીના કાયમી કર્મચારી અથવા રોજમદાર કર્મચારી તરીકે કરવામાં આવેલ નથી કે તે અરજદારને નોકરીમાંથી છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેઓ સામાવાળા સંસ્થા તરફેથી મુખ્ય બચાવ રહેલ છે.

હવે આ કામે અરજદાર તરફેથી આંક–૬ થી સોગંદ ઉપરની જુબાની રજુ થયેલ છે અને તે લક્ષમાં લેવામાં આવે તો અરજદારે તેઓના માંગણાના નિવેદનની હકીકતો દહોરાવેલ છે. આ કામે સામાવાળા ધ્વારા અરજદારને કરવામાં આવેલ ઉલટતપાસ લક્ષમાં લેવામાં આવે તો, અરજદાર તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની કામગીરીમાં કચરા પોતા કરવાની, પાણી ભરવાની પરચુરણ કામગીરી રહેતી હતી. તેઓને આ કામગીરી માટે રૂા.૪૦૦/– મળતાં હતા. તેઓ સંસ્થામાં જુલાઈ –૨૦૦૬ બાદ સંસ્થામાં કામગીરી કરેલ હોય તેવો આધાર આ કામે રજૂ કરેલ નથી. તેઓ ઉત્તર ગુજરાત વીજ કંપની લી. માં નોકરીમાં રહેવા માટે લેખિતમાં કોઈ અરજી કરેલ નથી. અરજદારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ કડી મુકામે કામ કરતાં હતા. અરજદારે સ્વેચ્છાએ જણાવેલ કે, તેઓ દેત્રોજ મુકામે તેઓની ફરજો બજાવતા હતા. અરજદારે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેઓએ જુલાઈ– ૨૦૦૬ બાદ સંસ્થામાં કોઈ કામગીરી કરેલ નથી. આમ, આ કામે અરજદારે સોગંદ ઉપર રજૂ કરેલ પુરાવો વંચાણે

લેતાં તેઓ સામાવાળા સંસ્થામાં કામ કરતાં હોવાની હકીકત ઉપર તેઓની ઉલટતપાસમાં અડગ રહેલ છે. વધુમાં આ કામે સામાવાળા તરફેથી તેઓના જવાબમાં જણાવેલ છે તે મુજબ આ કામના અરજદાર તેમની સંસ્થામાં જરૂરીયાત મુજબ કામ કરતાં હતા અને સદર પરચૂરણ કામગીરી સંબંધે અરજદારને ઉચ્ચક મહેનતાણાની રકમ પણ આપવામાં આવતી હતી. આમ, આ કામે એ બીનતકરારી હકીકત છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં સાફ–સફાઈની કામગીરી કરતા હતા. ત્યારે તે કામગીરી જોતાં અન–સ્કીલ્ડ એટલે કે બીન–કસબી પ્રકારની કામગીરી હોઈ, જેથી તે કામગીરીનો સમાવેશ કલમ ૨(એસ) હેઠળ 'કામદાર'ની વ્યાખ્યામાં થાય છે.

૧૦. ત્યારબાદ હવે આ કામના અરજદારે આઈ.ડી. એકટની કલમ–૨૫(બી)(૧) મુજબ અતુટ રીતે સળંગ નોકરી કરેલ છે કે કેમ અથવા તો કલમ–૨૫(બી)(૨) મુજબ નોકરીમાંથી છુટા કર્યાના અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંતની સળંગ નોકરી કરેલ છે કે કેમ તે હકીકત જોવાની રહે છે.

આ કામના અરજદારના કથન મુજબ સફાઈ કામદાર તરીકે કામગીરી કરતા હતાં અને છેલ્લે તેઓને તા.૩૧/૧/૧૧ ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હતાં. આ કામે અરજદારે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં સામાવાળા સંસ્થામાં ૧૦ વર્ષથી સફાઈ કામદાર તરીકે તેમજ નોકરીના તમામ વર્ષોમાં ૨૪૦ દિવસ ઉપરાંત તેઓની ફરજો બજાવેલી હતી તથા છુટા કર્યા અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંત તેઓની ફરજો બજાવેલ હોવાની હકીકત જણાવેલ છે. જયારે આ કામે સામાવાળા ધ્વારા અરજદારની કરવામાં આવેલ ઉલટતપાસમાં લક્ષમાં લેવામાં આવે તો અરજદારેએ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ છેલ્લે જુલાઈ–૨૦૦૬ સુધી જ કામગીરી કરેલ છે પરંતુ અરજદારે ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, તેઓએ સંસ્થામાં જુલાઈ–૨૦૦૬ બાદ કામગીરી કરેલ હોય તેવો આધાર આ કામે રજૂ કરેલ નથી. આમ, ઉપરોકત તમામ સંજોગો તથા હકીકતો ધ્યાને લેતાં તેમજ આ કામે ઉપરોકત મુદ્દા અન્વયે પડેલ પુરાવો

લક્ષમાં લેતાં તે હકીકત સ્પષ્ટપણે બહાર આવવા પામેલ છે કે, અરજદારે આ કામે જુલાઈ–૨૦૦૬ બાદ કામગીરી કરેલ હોય તેને સમર્થન કરતો કોઈ દસ્તાવેજ આ કામે રજૂ કરેલ નથી. પરંતુ આ કામે અરજદારે સોગંદ ઉપર જે હકીકત જણાવેલ છે તે મુજબ અરજદારે સૌપ્રથમ તા.૭/૭/૨૦૦૮ ના રોજ મૌખિક હુકમમાંથી નોકરીમાંથી છુટા કરેલા. ત્યારબાદ મદદનીશ શ્રમઆયુકત, અમદાવાદ સમક્ષ ફરીયાદ દાખલ કરેલી અને જેમાં સામાવાળા સંસ્થા તરફેથી કોઈ હાજર ન રહેતા સમાધાન અધિકારીશ્રી ધ્વારા મજૂર અદાલત,અમદાવાદ ને સદરહુ કેસ સુપ્રત કરેલ હતો. ત્યારબાદ સામાવાળા સંસ્થા ધ્વારા તેઓને કામે રાખવાની તૈયારી દર્શાવતા તેઓ કામ ઉપર ફરીથી હાજર થયેલ હતા. અને જે મુજબ અરજદારને તા.૧૭/૨/૨૦૦૯ ના રોજ તેઓની ફરજ ઉપર હાજર થયેલ અને તેઓને સતત અને એકધારી ફરજો બજાવેલી હતી. ત્યારબાદ સામાવાળા સંસ્થા ધ્વારા અરજદારને રેફરન્સ કેસ નં.૧૯૦/૦૯ પાછો ખેંચવા સારૂ અને તેઓને એક માત્ર હેરાન–પરેશાન કરવાનું શરૂ કરેલુ અને અરજદાર ટસ થી મસ ન થતાં અને કેસ પાછો ખેંચવાની કોઈપણ તૈયારી ન દર્શાવતા સંસ્થા તરફેથી તેઓને ફરીથી મૌખિક હુકમથી તા.૩૧/૧/૨૦૧૧ ના રોજથી તેઓને છુટા કરી દીધેલા. ઉપરોકત હકીકત સંબંધે સામાવાળા તરફથી અરજદારની ઉલટ તપાસમાં કોઈ પણ પ્રશ્ન પૂછવામાં આવેલ નથી કે પડકારવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં અરજદાર તરફેથી જે ઉપરોકત હકીકત તેઓના સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે તે નહી માનવાને કોઈ કારણ નથી. વધુમાં આ કામે સામાવાળા તરફેથી તેના જવાબમાં જે હકીકત જણાવેલ છે તે મુજબ અરજદારે સ્વીપરની કામગીરી સામાવાળા સંસ્થાની જરૂરીયાત મુજબ, એપ્રિલ–૨૦૦૧ થી એપ્રિલ–૨૦૦૨ ના વર્ષ દરમિયાન તથા જુલાઈ–૨૦૦3 ના માસ દરમિયાન તથા સપ્ટેમ્બર, ૨૦૦3 થી ડીસેમ્બર,૨૦૦૪ સુધી તથા ફેબ્રૂઆરી–૨૦૦૫ થી ઓકટોમ્બર–૨૦૦૫ સુધી નવેમ્બર–૨૦૦૫ થી જુલાઈ–૨૦૦૬ ના સમય દરમિયાન આવી ઉચ્ચક મજૂરી કામ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. વિશેષમાં આ કામે સામાવાળા તરફેથી

કોઈ સોગંદ ઉપર કોઈ મૌખિક કે દસ્તાવેજી તેના જવાબના સમર્થનમાં રજૂ કરેલ નથી તેવા સંજોગોમાં અરજદારે સામાવાળા સંસ્થામાં ૧૦ વર્ષ ઉપરાંતની સળંગ નોકરી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

૧૧. હવે અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે કે કેમ તે હકીકત જોવાની રહે છે. તે માટે આઈ.ડી. એકટની કલમ–૨૫(એફ) ની જોગવાઈઓ અત્રે નોંધવી જરૂરી છે.

<u>૨૫(એફ) : કામદારોની છટણીની પુર્વ શરતો.</u>

કોઈ માલીક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી :

(ક) તે કામદારને છટણીનાં કારણો દર્શાવતી એક મહિનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદ્દત પૂરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને બદલે નોટીસની મુદ્દત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી :

પરંતુ,

(ખ) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

*(ગ) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિઘ્ધ કરીને, નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી, **કરી શકશે નહી.** ''*

ઉપરોકત જોગવાઈ મુજબ અરજદારને સામાવાળાએ છટણી કરેલ છે કે કેમ તે હકીકતની ચર્ચા કરવાની રહે છે અને તે માટે છટણીની વ્યાખ્યા કલમ–૨(૦૦) માં કરેલ છે. તે નોંધવી જરૂરી બને છે.

કલમ–૨(૦૦) 'છટણી' એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલીકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી,

(એ) કામદારની સ્વેચ્છાપુર્વકની નિવૃત્તી અથવા

(બી) માલીક અને સબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃત્તી વયે પહોંચતા કામદારની નિવૃત્તી, અથવા

(બીબી) માલીક અને સબંધીત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ અથવા

(સી) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ :

૧૨. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ નજર સમક્ષ રાખી હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો, અરજદારે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ સંસ્થાના ૧૦ વર્ષ ઉપરાંતથી તેઓની ફરજો સંપૂર્ણ ખંત, નિષ્ઠાપૂર્વક, પ્રમાણિકતા તેમજ જવાબદારીપૂર્વક બજાવતાં હતા અને તેઓની કામગીરી બાબતે કદાપી કોઈ શોકોઝ નોટીસ કે મેમો મળેલ નથી તેમજ મજૂર કાયદા મુજબના મળવાપાત્ર હકકોની માંગણી સંસ્થા પાસે કરતા તેઓએ ઉશ્કેરાઈ જઈને દ્વેષભાવ તેમજ કિન્નાખોરી રાખી તા.૩૧/૧/૨૦૧૧ ના રોજ મૌખિક હુકમથી ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ છે અને છુટા કરતા પહેલા સંસ્થા દ્વારા કોઈ જ લેખિત નોટીસ કે નોટીસ પગાર આપવામાં આવેલ નથી કે બેકારી વળતરના નાણા ચુકવી આપવામાં આવેલ નથી કે અરજદાર વિરૂધ્ધ કોઈપણ ગુનાસર કોઈ ખાતાકીય તપાસ કે ઈન્કવાયરી કરવામાં આવેલ નથી. તદ્દન મનસ્વી રીતે એકહથ્થુ સત્તાનો ઉપયોગ કરીને માત્ર કાયદેસરના હકકો, લાભો, સવલતો માંગવા જતાં નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલ છે. આ કામે સામાવાળા તેના લેખિત જવાબમાં નોકર માલિકના સંબંધો જ ન હોય તેથી છુટા કરવાનો કોઈ પ્રશ્ન જ

નથી તેવી હકીકત જણાવેલ છે અને મેં આગળ ચર્ચા કરી તે મુજબ સામાવાળા ધ્વારા આ કામે સોગંદઉપર કોઈ પુરાવો રજૂ કરેલ નથી કે ઉલટતપાસમાં અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરવા સંબંધે કોઈ પ્રશ્ન પૂછેલ નથી કે અરજદારને છુટા કરતા પહેલા મજૂર કાયદાની જોગવાઈઓ મુજબ નાણા ચુકવેલાની કોઈ હકીકત રેકર્ડ ઉપર સામાવાળા ધ્વારા રજૂ કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં અરજદારે જે કથન કરેલ છે અને તેના સમર્થનમાં સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે, તે ખંડીત થયેલ ન હોય આ સંજોગોમાં અરજદારને તા.૩૧/૧/૨૦૧૧ ના રોજ મૌખિક હુકમથી છુટા કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. ત્યારે અરજદારને કલમ ૨૫(એફ) ની આજ્ઞાત્મક જોગવાઈનું પાલન કર્યા સિવાય નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકત પુરવાર થતી હોઈ, જેથી મુદ્દા નં.(૧) નો જવાબ તે રીતે ''**હકારમાં**'' આપવામાં આવે છે.

૧૩. હવે અરજદારને પડેલ દિવસોના પગાર સાથે પુન:સ્થાપિત થવાની અથવા લમસમ વળતર મળવા અંગેની દાદ મળવાપાત્ર છે કે કેમ તેની ચર્ચા કરવાની થાય છે. આ તબકકે **<u>તપસકુમાર પાઉલ વિ. બી.એસ.એન.એલ. અને બીજાઓનો ચુકાદો કે જે,૨૦૧૪, લેબ, આઈ.સી., પાના નં.૪૪૮૬</u>** ઉપર રીપોર્ટ થયેલ છે તેના પેરા-૫ માં કયાં સંજોગોમાં પુન:સ્થાપિતના બદલે વળતરની દાદ આપવી જોઈએ તેવું જણાવવામાં આવેલ છે. તેમાં ફેકટરી બંધ થયેલ હોઈ અથવા કામદાર નિવૃત્ત થયેલ હોઈ અથવા તો નિવૃત્તીની ઉંમર નજીક પહોંચેલ હોઈ અથવા કામદાર ફરજ બજાવવા સક્ષમ રહેલ ન હોઈ અથવા તો સંસ્થાનો વિશ્વાસ ગુમાવેલ હોઈ તો તેવા કિસ્સામાં વળતરની દાદ અપાવવી ન્યાયોચિત હોવાનું જણાવેલ છે.

૧૪. હાલના કેસની હકીકતની ચર્ચા કરવામાં આવે તો,અરજદારે કોર્ટ સમક્ષ રજુ કરેલ સોગંદનામામાં તેઓની ઉંમર ૪૯ વર્ષની તા.૨૨/૬/૨૦૧૬ ના રોજ દર્શાવેલ હતી. તે સંજોગોમાં અરજદાર નિવૃતિની ઉંમર પહોચી ચુકેલ હોઈ, તેમજ સદર કામે અરજદાર પક્ષે રજૂ કરેલ પ્લીડીંગ વંચાણે લેતાં અરજદારને સામાવાળા સંસ્થા તરફથી સૌ પ્રથમ

મૌખિક હુકમથી તા.૭/૭/૨૦૦૮ ના રોજથી ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરી દીધેલા. ત્યારબાદ અરજદારે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ પુન:સ્થાપિત થવા બાબતની ફરીયાદ કરતાં અને જયાં તા.૧૭/૨/૨૦૦૯ ના રોજ તેઓને કામે રાખી લેવા સામાવાળા સંસ્થાના જવાબદાર અધિકારીએ હાજર રહી જણાવેલ હતુ અને તે મુજબ અરજદાર કામ ઉપર હાજર થયેલા અને ત્યારબાદ સામાવાળા સંસ્થા તરફેથી રેફરન્સ કેસ નં.૧૯૦/૨૦૦૯ પરત ખેંચવા સારૂ દબાણ કરતાં અને અરજદારે સદરહું કેસ પાછો ન ખેંચતા સામાવાળા સંસ્થાના જુનીયર ઈજનેર શ્રી પી.પી. પટેલ ધ્વારા તેઓને ફરીથી મૌખિક હુકમથી તા.૩૧/૧/૨૦૧૧ ના રોજથી છુટા કરી દીધેલાનું જણાવેલ છે. આમ, સદર કેસનુ રેકર્ડ વંચાણે લેતાં અરજદારને સામાવાળા સંસ્થા તરફથી બે વાર છુટા કરેલ છે તેવા સંજોગોમાં અરજદાર ઉપર સંસ્થાનો વિશ્વાસ રહેલ ન હોય તે હકીકત પણ માનવાને કારણ રહે છે અને સદરહુ કાયદાનો હેતુ ધ્યાને લેવામાં આવે તો, કોઈપણ ઔધોગિક તકરારનો શાંતિપૂર્વક નિકાલ લાવવા સંબંધેનો રહેલો હોય જેથી પણ અરજદારને પુન:સ્થાપિત કરવા ન્યાયોચિત જણાતા નથી. તે સંજોગોમાં હાલના કેસની હકીકત જોતાં લમસમ વળતરનો હુકમ કરવાનું ન્યાયોચિત જણાય છે. આ સંદર્ભે અરજદારની નોકરીના વર્ષો, તેઓનો છેલ્લો માસીક પગાર, તેઓને છુટા કર્યા ત્યારે તેઓની ઉંમર અને હાલની કાર્યવાહીનો સમયગાળો ધ્યાને લેતાં અરજદારને લમસમ વળતર પેટે રૂા.૮૦,૦૦૦/- અપાવવાનું ન્યાયોચિત જણાય છે. જેથી મુદ્દા નં.(૨) નો જવાબ તે રીતે આપવામાં આવેલો છે અને મુદ્દા નં.(૩) અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:: હુકમ ::-

૧) અરજદારનો હાલનો રેફરન્સ કેસ અંશત: મંજુર કરવામાં આવે છે.

૨) આ કામના અરજદાર પુન:સ્થાપિત અને પડેલા દિવસોના પગાર અંગેની દાદ મેળવવા હકકદાર બનતા નથી, પરંતુ તેઓ સામાવાળા પાસેથી લમસમ વળતર

પેટે રૂા.૮૦,૦૦૦/– (અંકે રૂપિયા એંશી હજાર પુરા) મેળવવા હકકદાર બને છે. વધુમાં સામાવાળાએ વળતરની રકમ ચુકવવાની કાર્યવાહી આ હુકમ પ્રસિધ્ધ થયેથી દિન–૬૦ માં પુર્ણ કરવી.

૩) એવોર્ડ પ્રસિધ્ધ થયેથી રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ–૩ર મુજબ નિયમો અનુસારની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૩૦/૦૫/ર૦રર
સ્થળ : અમદાવાદ.

(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)
CODE : GJ01279
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ નં.૭, અમદાવાદ.

P V CHUDASAMA,P.A.